# ઉત્તર ગુજરાતની પંચાયતોમાં પળોજણ બનતું ઓનલાઈન પેમેન્ટ

## સરપંચોમાં છૂપો ચણભણાટ બહાર આવશે !!

બાયડ,(બ્યુરો ઓફીસ) તા.૧૭

ઉત્તર ગુજરાતની ગ્રામપંચાયતોમાં ૧૫ માં નાણાં પંચના મંજૂરી મેળવી કરવામાં આવતાં કામમાં હવે ઓનલાઈન પેમેન્ટ અમલમાં આવ્યું તો ખરૂ પણ સરપંચો માટે એ પળોજણ બનવા લાગ્યું છે.ડિજિટલ સહી થી પેમેન્ટ કરવામાં ટેકનિકલ ખામી ઉભી થાય છે જેના કારણે સરપંચો માં છૂપો ચણભણાટ શરૂ થયો છે જે આગામી સમયમાં બહાર આવી શકે છે.

રાજ્ય સરકારે ગ્રામપંચાયત ના માધ્યમથી થતાં વિકાસ કામો માં ગેરરીતિ રોકવા માટે નાણાં પંચ ના યોજનાકીય કામોની મંજૂરી માં હવે ઓનલાઈન પેમેન્ટ અમલી બનાવી દીધું છે. ઉત્તર ગુજરાતની તમામ ગ્રામ પંચાયતમાં ૧૫ માં નાણાં પંચ હેઠળ લાખો રૂપિયાના કામ મંજૂર કર્યા પણ ખરાં પરંતુ ઓનલાઈન પેમેન્ટ માં સરપંચો ને ભારે હાલાકી નો સામનો કરવો પડે છે.જેમાં અનેક ગ્રામ પંચાયતમાં ડિજિટલ સહિમાં એરર આવી જતી હોવાથી સમસ્યા ઉભી થઈ છે. સમયસર થયેલ કામનું ચૂકવણું થઈ શકતું નથી.વિકાસના કામમાં માલ સામાન અને મજૂરીના પૈસા સમયસર ચૂકવવાના હોય છે જે સરપંચો ચૂકવી શકતા ન હોવાથી ઓનલાઈન પેમેન્ટ થી સરપંચો મુશ્કેલી અનુભવી રહ્યા છે. અંતરિયાળ વિસ્તારમાં જયાં મોબાઈલ નેટવર્ક પણ યોગ્ય રીતે મળતું ન હોય તેવા વિસ્તારમાં ઓનલાઈન પેમેન્ટ કરવામાં શું સ્થિતિ ઉભી થતી હશે એ વિચારવા જેવું છે.અસંખ્ય ગ્રામ પંચાયતમાં સરપંચોએ મંજૂરી મેળવીને કામ નિયમોનુસાર પૂરા કર્યા પણ ડિજિટલ સહી થી પેમેન્ટ નો પ્રયાસ કરવામાં આવે ત્યારે નો સ્કીમ હેવ બિન મેપ બાય સ્ટેટ ની એરર આવતી હોવાની ફરીયાદો વધી છે.જેથી આગામી સમયમાં પળોજણ બનેલા ઓનલાઈન પેમેન્ટ મુદે સરપંચો જાહેરમાં વિરોધ કરે તેવું લાગી રહ્યું છે.



કેળવણી મંડળ સંચાલિત લો કોલેજ, હિંમતનગર ખાતે શુક્રવારના રોજ અંગદાન ચેરીટેબલ ટ્રસ્ટ તથા સરકારશ્રીના માર્ગદર્શન અનુસાર ઓર્ગન ડોનેશન જાગૃતિ અભિયાન કાર્યક્રમ યોજાઈ ગયો. કાર્યક્રમમાં ચંદ્રકાંતભાઈ વ્યાસ, પિનાકીનભાઈ, વક્તા જીગ્નેશભાઈ પ્રજાપતિ, કલ્પિતભાઈ દવે, કાર્યક્રમના અધ્યક્ષ અને કોલેજના કા.આચાર્ય ડૉ. બિનલ પટેલ, પ્રોગ્રામ કો-ઓર્ડીનેટર ડો.વૈદેહી પંડ્યા તથા ડો.પારસ જોશી હાજર રહેલા. મહાનુભાવોએ ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવેલ અને મૃત્યુ બાદ અથવા બ્રેઈન ડેડના કિસ્સામાં અંગદાન માટે વિદ્યાર્થીઓને પ્રેરિત કરેલ અને અંગ દાન કરવા તથા તે માટેની જાગૃતિ, પ્રચાર-પ્રસાર કરવા માટે પ્રતિજ્ઞા લેવડાવવામાં આવ્યા હતા.

# જિલ્લામાં ધો. ૩ થી ૮ ની એકમ કસોટી સામે વધતો આક્રોશ

## શિક્ષણની અધોગતિ, પૈસાનો વેડફાટ હોવાનો સાર્વત્રિક મત : રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ મેદાનમાં ઉતર્યા

બાયડ, તા. ૧૭

છેલ્લા ૧૮ મહિનાથી ધો. ૩ થી ૮ ની સરકારી પ્રા. શાળાઓમાં તબક્કાવાર યોજાતી એકમ કસોટી હવે બાળકો-વાલીઓ અને શિક્ષકો માટે અપચારૂપ બની છે. એકમ કસોટીના આયોજન છતાં બાળકો-વાલીઓ નિરૂત્સાહ છે. શિક્ષકોના પ્રયાસો નિષ્ફળ જાય છે જેથી શિક્ષણની અધોગતિરૂપ એકમ કસોટી બંધ કરી પૈસાનો વેડફાટ અટકાવવાની અનેક વાલીઓએ માંગ કરી છે.

રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ પણ એકમ કસોટી મુદ્દે મેદાનમાં ઉતર્યુ છે. સાંબરકાંઠા-અરવલ્લીના હજારો વાલીઓ એકમ કસોટીના આયોજનથી નાખુશ હોવાનું જાણવા મળ્યું છે.

કોરોના સંક્રમણ ઘટ્યુ છે. ધો. ૬ થી ૮ માં ઓફલાઈન શિક્ષણ શરૂ થયુ છે. જિલ્લાની એક પણ શાળામાં બાળકો કોરોનાથી સંક્રમીત હોવાનું બહાર આવ્યું નથી. પૂરજોશમાં ૧૮ થી ઉપરની વયના લોકોનું વેક્સીનેશન ચાલી રહ્યુ છે. ત્રીજી લહેરની શક્યતા નહીવત છે ત્યારે ધો. ૧ થી ૫ ની શાળામાં ૫૦ ટકા વિદ્યાર્થી હાજરી સાથે શાળા ખોલો, બાળકોને પ્રત્યક્ષ શિક્ષણ આપો નહીતર બાળકોનો પાયો કાચો રહેશે તો તેમનું શૈક્ષણિક ભવિષ્ય પુરૂ થઈ જશે તેવી દહેશત ઉભી થઈ છે. એકમ કસોટી અને ઓનલાઈન શિક્ષણથી વાલીઓ રીતસરના તંગ આવી ગયા છે જ્યારે એકમ કસોટી પછી પણ આપવામાં આવેલી છૂટછાટમાં વાલીઓને ગરજ ન હોય તેવું ચિત્ર ઉપસ્યુ છે.

બાળકોને ભણાવવા શિક્ષકોને ગરજ હોય તેવી સ્થિતિ શિક્ષણ વિભાગે લાવી દીધી છે. એકમ કસોટી પાછળ શિક્ષણ વિભાગ કરોડોનું આંધણ કરે છે તેની કરતાં શાળાઓમાં સેવક-



ક્લાર્કની નિયુક્તી કરે તો શિક્ષકો માત્ર અભ્યાસકીય પ્રવૃત્તિમાં ધ્યાન આપી શકે. છેલ્લા ૨ દિવસથી એકમ કસોટીનો પ્રચંડ વિરોધ થઈ રહ્યો છે ત્યારે રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ પણ ગુજરાત સરકાર અને શિક્ષણ વિભાગ એકમ કસોટી મુદ્દે મેદાનમાં ઉતરતાં શિક્ષક સજ્જતા કસોટી જેવો જ શિક્ષકોનો સહકાર મેળવવા મેદાનમાં ઉતર્યુ છે.

# અરવલ્લી ભાજપા દ્વારા સેવા-સમર્પણની ઉજવણી શરૂ

## ગાયત્રી શક્તિપીઠ બાયડમાં યજ્ઞ યોજાયો : પ્રથમ દિવસે યજ્ઞ, વૃક્ષારોપણ, જરૂરીયાતમંદોને ભોજનના અઢળક કાર્યક્રમ યોજાયા

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૭૧મા જન્મ દિવસની સાથે જિલ્લામાં ૨૦ દિવસના સેવા-સમર્પણ કાર્યક્રમની ઉજવણી સાઠંબાથી ભિલોડા સુધીના ૬ તાલુકામાં ભાજપા દ્વારા શરૂ થઈ છે. પ્રથમ દિવસે વડાપ્રધાનના દિર્ઘાયુષ્ય માટે યજ્ઞ, સત્યનારાયણની કથા, જરૂરીયાતમંદોને વસ્ત્રદાન, પાકુ ભોજન સહીત અઢળક સેવાકીય કાર્યક્રમ સાથે વેક્સીનેશન કાર્યક્રમ યોજ્યા હતા. જિલ્લા ભાજપા સંગઠન પ્રમુખ રાજેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ શરૂ થયેલી ઉજવણીમાં મંડલ અને મોરચાના



પદાધિકારીઓ જોડાયા હતા.

વડાપ્રધાનના જન્મ દિવસ નિમિત્તે ગાયત્રી શક્તિપીઠ બાયડમાં યજ્ઞ યોજાયો હતો જેમાં જિલ્લા સંગઠન ઉપપ્રમુખ વનિતાબેન પટેલ, મંત્રી ચંદ્રીકાબેન શાહ, જિલ્લા ભાજપા મહીલા મોરચા મંત્રી ચંદ્રીકાબેન ભાટી, બાયડ પાલિકા ઉપ પ્રમુખ ગાયત્રીબેન પટેલ, સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડ જિલ્લા કન્વીનર મીનાબેન પટેલ, બાયડ તાલુકા કન્વીનર મિતેષ પટેલ, મહીલા મોરચા પ્રમુખ જિજ્ઞાબેન પંચાલ ઉપસ્થિત રહ્યા હતા. યજ્ઞના આચાર્યની ભૂમિકા કોર્પોરેટર કંચનબેન પટેલે અદા કરી હતી.

દેશના વડાપ્રધાનના જન્મ દિવસની શાનદાર ઉજવણી જોવા મળી. જિલ્લા ભાજપા દ્વારા ૩ વિધાનસભાની ૧૦૮૦ બુથ ઉપર માઈક્રો પ્લાનીંગથી વૃક્ષારોપણ, કોરોના વેક્સીનેશન, મીઠાઈ વિતરણ, કુપોષિતોને પોસ્ટીક આહાર વિતરણ સહીતના અનેક સેવાકીય કાર્યક્રમ મોડાસા, મોડાસા શહેર, બાયડ, બાયડ શહેર, માલપુર, ધનસુરા, ભિલોડા, મેઘરજ મંડલમાં ભાજપા દ્વારા કાર્યક્રમ યોજાયા હતા.

### વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદીન પ્રસંગે

# મહિલા મોરર્ચા દ્વારા સિવિલમાં ફ્રુટ વિતરણ પાલીકા દ્વારા વૃક્ષારોપણ કરાયું

બાયડ તા.૧૭

ગુજરાતના પનોતા પુત્ર અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાહેબનો આજરોજ ૭૧ માં જન્મ



દિવસ પ્રસંગે મહિલા મોરર્ચા સાબરકાંઠા દ્વારા હિંમતનગર શહેરની સીવીલ હોસ્પીટલમાં દર્દીઓને ફ્રુટ વિતરણ કરાયેલ. આ પ્રસંગે મહિલા મોરર્ચાના પ્રમુખ નિલાબેન પટેલ, પાલીકા પ્રમુખ યતીનબેન મોદી, પ્રદેશ ભાજપા ઉપાધ્યક્ષ કુ.કૌશલ્યાકુંવરબા પરમાર, જીલ્લા ભાજપ મહામંત્રી વિજયભાઈ પંડ્યા, જીલ્લા મહિલા મહામંત્રી કાજલબેન દોશી, શહેર પ્રમુખ અરૂણાબેન કડીયા, શહેર પ્રમુખ વાસુદેવ રાવલ, વોટસ વર્કસ સમીતીના ચેરમેન સવજીભાઈ ભાટી, નિર્મલાબેન પંચાલ સહિત મહિલા કાર્યકરો હાજર રહેલ. જયારે હિંમતનગર શહેરના એસ.ટી.પી. પ્લાન્ટ કાટવાડ રોડ ખાતે અસંખ્ય વૃક્ષારોપણનો કાર્યક્રમ પાલીકા દ્વારા રાખવામાં આવેલ.

જેમાં પાલીકા પ્રમુખ યતીનબેન મોદી, જીલ્લા ભાજપ પ્રમુખ જે.ડી.પટેલ, જીલ્લા પ્રભારી રેખાબેન ચૌધરી, પ્રદેશ ભાજપ મહિલા મોરર્ચાના મહામંત્રી વિણાબેન પ્રજાપતિ, ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા, પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ કુ.કૌશલ્યાકુંવરબા પરમાર, જીલ્લા ભાજપ મહામંત્રી વિજયભાઈ પંડ્યા, મહિલા મોરર્ચાના પ્રમુખ નિલાબેન પટેલ, પાલીકા ઉપપ્રમુખ અમૃતભાઈ પુરોહિત, કારોબારી અધ્યક્ષ સાવન દેસાઈ, પ્રો.વાસુદેવભાઈ રાવલ, જયેશ પટેલ, હંસાબેન પિત્રોડા, સવજીભાઈ ભાટી, જીનલબેન પટેલ વગેરે પાલીકા સદસ્યો, શહેર સંગઠનના હોદ્દેદારો-કાર્યકરો હાજર રહેલ.

# મેઢાસણ-મોડાસા હાઈવેના આત્મઘાતી ખાડામાં વાહનચાલકનો ભોગ લેવાય તેવી દશા

બાયડ, તા. ૧૭

મોડાસા તાલુકાના મેઢાસણ હાઈવે સ્ટેન્ડથી મોડાસા સુધીના હાઈવે રોડ ઉપર પડેલા આત્મઘાતી ખાડાના કારણે કોઈ વાહનચાલકનો ભોગ લેવાય તેવી સ્થિતિ છે. છેલ્લા કેટલાય સમયથી બિસ્માર રોડની મલમપટ્ટી કરી તંત્રએ સંતોષ માન્યો પણ હવે વરસાદમાં ઠેર ઠેર ગાબડાં પડ્યાં છે.

વાહનોની રાત-દિવસની અવર-જવરથી ધમધમતો હાઈવે રોડ વાહન વ્યવહાર માટે જોખમી બન્યો છે. મોડાસા જિલ્લામથક હોવાથી મેઢાસણ-મોડાસા હાઈવે ઉપર વાહનોની વધુ અવરજવર રહેતી હોય છે. પણ હમણાંથી રોડની માઠી દશા બેઠી છે.

રોડની કપચી ડામરથી છુટી પડતાં ખરબચડા રોડ ઉપર પસાર થતાં વાહનો ફંગોળાઈ રહ્યાં છે ત્યાં વરસાદ બાદ રોડ ઉપર ફૂટ-ફૂટના ખાડા પડતાં વાહનચાલકોના માથે જોખમ ઉભું થયું છે. ચોમાસા પૂર્વેથી ભંગારમાં ફેરવાતા રોડ ઉપર તંત્રએ સમારકામના નામે વેઠ ઉતારી હતી તેથી વરસાદમાં નબળા સમારકામની પોલ ઉઘાડી પડી છે. રોડ વચ્ચે અને રોડની સાઈડોમાં પડેલા મોટા ખાડામાં વાહનોને સાઈડ આપવી પણ મુશ્કેલ બની છે. તંત્ર દ્વારા ભયજનક ખાડા પુરવામાં નહીં આવે તો જીવલેણ અકસ્માત સર્જાઈ શકે તેમ છે.

# અરવલ્લી આર.ટી.ઓ.માં ભ્રષ્ટ અધિકારીઓએ મોટા કરેલા દલાલો હવે ખળખામણા...

## કચેરીના કંપાઉન્ડમાં પ્રવેસવા પર પ્રતિબંધ

અરવલ્લી આર.ટી.ઓ. કચેરી ફરી એકવાર ચર્ચાના છોગાને ચડી છે. છેલ્લા એક સપ્તાહથી એજન્ટ અને દલાલોને કચેરીમાં પ્રવેશવા પર તંત્રએ પ્રતિબંધ મુક્યો છે. જીલ્લા આર.ટી.ઓ.માં ભ્રષ્ટ અધિકારીઓએ મોટા કરેલા દલાલો અને એજન્ટો હવે ખળખામણા બની જતાં આ મુદ્દો ટોક ઓફ ધ ડીસ્ટ્રીક્ટ બન્યો છે.

આર.ટી.ઓ. કચેરીમાં ઘણા લાંબા સમયથી ચોક્કસ દલાલો અને એજન્ટોનો દબદબો રહ્યો છે. ભ્રષ્ટ અધિકારીઓ પાસે ખોટું કામ કઢાવી લેવું દલાલોના ડાબા હાથનો ખેલ બની ગયો જેમાં અનેકવાર ગંભીર આક્ષેપ ઉઠ્યા છે. સાહેબોએ કયા કયા અરજદાર પાસેથી ખિસ્સાં ભર્યા તે દલાલો જાણતા હોવાથી મને કમને ભ્રષ્ટ આર.ટી.ઓ.ના અધિકારીઓ તેમની હમણાં સુધી આળપંપાળ કરતા હતા પરંતુ અચાનક જ તંત્રના તેવર બદલાયાં છે. જેમાં દલાલો અને એજન્ટોને કચેરીના કંપાઉન્ડમાં પ્રવેશવા ઉપર પ્રતિબંધ લગાવ્યો છે. કહેવાય છે કે હમણાંથી કચેરીના પ્રવેશ દ્વારે ગાર્ડ ગોઠવી દલાલો અને એજન્ટોનો અંદર પ્રવેશવા ઉપર રોક લગાવવામાં આવતાં આર.ટી.ઓ. કચેરીને ઘણા સમયથી જાગીર સમજી બેઠેલા દલાલોને સાપ સુંઘી ગયો હોય તેવી સ્થિતિ પેદા થઈ છે. ટુંકમાં આર.ટી.ઓ.ના કામમાં ભ્રષ્ટ કામો થકી અધિકારીઓને હાથનાં કર્યા હૈયે વાગતા દલાલો અને એજન્ટો ખળખામણા થઈ ગયા છે. કચેરીમાં પારદર્શક વહીવટ માટે આ નિર્ણય ઘણો સુચક છે પણ ક્યાં સુધી તે સચવાય છે ?? તેના ઉપર સૌની નજર ટેકવાઈ છે.



વડાપ્રધાનના જન્મદિવસે બાયડ સામુહિક આરોગ્ય કેન્દ્ર અને જય અંબે મન મંદબુદ્ધિ આશ્રમ ફ્રુટ વેચવા નો કાર્યક્રમ કર્યો હતો ઉપસ્થિત આગેવાનો યશપાલસિંહ પુવાર, જિલ્લા ઉપપ્રમુખ અને બાયડ તાલુકા પ્રભારી બાયડ તાલુકાના સંગઠન પ્રમુખ માનસી સોઢા પરમાર લઘુમતી મોરચા જિલ્લાના મહામંત્રી મિસ્ત્રીકાસમભાઈ બાયડ તાલુકાના પ્રમુખ હુસેન એસ મોડાસીયા બાયડ તાલુકાના મહામંત્રી ઈશાક મન્સૂરી પ્રેમ કર્યો હતો

# "ગરીબોની બેલી સરકાર" જિલ્લામાં વિવિધ કાર્યક્રમો યોજાયા

બાયડ તા.૧૭

સમગ્ર ગુજરાતમાં મહાનગરપાલિકા/નગરપાલિકા અને તાલુકાઓમાં ૪૦૦ થી વધુ સ્થળોએ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિન નિમિત્તે "ગરીબોની બેલી સરકાર" કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગર ખાતે શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ મંત્રીશ્રી વિનોદભાઈ મોરડીયાની અધ્યક્ષતામાં ડૉ. નલીનકાંત ગાંધી ટાઉન હોલ ખાતે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતુ કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના સફળ માર્ગદર્શન હેઠળ અને રાજ્ય સરકાર દ્વારા ગરીબો અને વંચિતોને અનુલક્ષીને વિવિધ સહાયકારી યોજનાઓ અમલી બનાવવામાં આવી છે. આપણા વડાપ્રધાનશ્રીએના માર્ગદશન હેઠળ કોરોના મહામારીમાં અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ દ્વારા નિઃશૂલ્ક અનાજ વિતરણ કરવામાં આવી રહયું છે. પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ



૧.૫૨ લાખની સહાય થકી પાકુ આવાસ અને શૌચાલય બનાવવાની યોજના અમલી છે જેની વિસ્તૃત જાણકારી આપી અન્ય યોજનાકીય બાબતો અંગે ઉપસ્થિત સૌને માહીતગાર કર્યા હતા. મુખ્યમંત્રી બાલ સેવા યોજના હેઠળ કોરોનાકાળમા માતા-પિતા ગુમાવનાર બાળકો અને સો ટકા રસીકરણ સિધ્ધિ મેળવનાર ગ્રામ પંચાયતના સરપંચોને સહાય પત્ર અને પ્રમાણપત્ર મેળવવા બદલ અભિનંદન પઠવી સૌ નાગરિકોને મહારસીકરણ અભિયાનમાં જોડાવા આહવાન કર્યું હતું.

આ કાર્યક્રમમાં અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ હેથળ પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના ૨.૦ હેઠળ તાલુકા/નગરપાલિકા મળી કુલ-૨૬૦૦ લાભાર્થીઓને કીટ (સ્ટવ, હોજ પાઈપ, ગેસ સીલીન્ડર(કટ આઉટ), રેગ્યુલેટર અને સિકયોરીટી ગાઈડલાઈન) ઉપરાંત જીફ (સક્રીપ્શન વાઉચર) આપવામાં આવ્યા હતા. સ્વચ્છ ભારત મિશન હેઠળ સામુદાયિક સોક પીટ, વ્યક્તિગત સોક પીટ, શૌચાલયનું સમારકામ તેમજ નવા શૌચાલય બાંધકામ માટે લાભાર્થીઓને લાભ અને સહાયપત્રો અર્પણ કરવામા આવ્યા હતા. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા મુખ્યમંત્રી બાલ સહાય યોજના હેઠળ જિલ્લાના બાળકોને સહાય આપવઆમા આવશે જેમાં બન્ને વાલી ગુમાવનાર બાળકોને માસિક રૂ.૪,૦૦૦/- અને એક વાલી ગુમાવનાર બાળકને માસિક રૂ.૨,૦૦૦/- તે બાળક ૧૮ વર્ષનું થાય ત્યાં સુધી મળવાપાત્ર છે.

કાર્યક્રમ બાદ મંત્રી શ્રી વિનોદભાઈ મોરડીયાએ હિંમતનગર મેડિકલ કોલેજની મુલાકાત લીધી હતી. જયાં દેહદાનનો સંકલ્પ કરનાર પરીવારને સન્માન કરતા જણાવ્યું હતું કે, દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેહદાન માટે વધુમાં વધુ લોકો આગળ આવે તે માટે ઘણી જાણીતી હસ્તીઓને જોડ્યા છે. તમારા એક અંગનું દાન સામેવાળા વ્યક્તિને નવુ જીવન આપી શકે છે. તમારા અંગના દાન થકી તમારા મરણ પછી પણ આ પૃથ્વી પર શાશ્વત રહી શકો એવુ અમરત્વનું વરદાન સ્વરૂપ છે. આ પ્રસંગે ઉપસ્થિત આગેવાનો, તબીબો તથા પેરામેડિકલ સ્ટાફના લોકોએ દેહદાનની પ્રતિજ્ઞા લઈ શરીરના એક અંગનું દાન અપર્ણ કરવાનો સંકલ્પ કર્યો હતો.

# જિલ્લામાં તસ્કરોના ઉપદ્રવ વચ્ચે ૮૦૦ હોમગાર્ડને વડોદરા મોકલાયા

## નાઈટ પેટ્રોલીંગને અસર થવાની સંભાવના

બાયડ, તા. ૧૭

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં તસ્કરોનો ઉપદ્રવ ગામડાઓમાં વધ્યો ત્યારે ૮૦૦ હોમગાર્ડ જવાનોને વડોદરા ખાતે ગણેશ વિસર્જન યાત્રામાં બંદોબસ્ત માટે મોકલવામાં આવ્યા છે. બન્ને જિલ્લામાંથી હોમગાર્ડ વડોદરા મોકલાતાં ગ્રામ્ય વિસ્તારોમાં નાઈટ પેટ્રોલીંગને અસર થવાની સંભાવના છે.

જિલ્લામાં પોલીસ સાથે કાયદો વ્યવસ્થા સંભાળતા હોમગાર્ડ જવાનોને સામાન્ય દિવસોમાં ફરજ સોંપવામાં વ્હાલા-દવલાની નીતિ છતાં હોમગાર્ડ જવાનો પોતાનો અવાજ બહાર લાવવામાં ડર અનુભવી રહ્યા છે. સ્થાનિકકક્ષાએ નાઈટ ડ્યુટી માંગનારાઓને અપાતી નથી પણ અન્ય સ્થળે બંદોબસ્તમાં હોમગાર્ડને મોકલવામાં પાછીપાની કરવામાં આવતી નથી.

ગત રોજ બન્ને જિલ્લાના હોમગાર્ડ યુનિટમાં ફરજ બજાવતા ૮૦૦ હોમગાર્ડ જવાનોને બંદોબસ્ત માટે વડોદરા મોકલવામાં આવતાં તસ્કરોને મોકળું મેદાન મળવાની દહેશત છે. સાગમટે હોમગાર્ડને ગણેશ મહોત્સવના બંદોબસ્તમાં મોકલાતાં ગ્રામ્ય વિસ્તારોમાં નાઈટ પેટ્રોલીંગની વ્યવસ્થા હતી એના કરતાં વધુ કથળે તેમ છે. જિલ્લામાં તસ્કરોનો ઉપદ્રવ વધ્યો છે. ઘરફોડ અને રાત્રે પશુચોરીના વધતા બનાવોમાં હોમગાર્ડનું પેટ્રોલીંગ જરૂરી છે તેવા સમયે અન્ય જિલ્લામાં જવાનો રવાના થતાં તસ્કરીના બનાવોમાં વધારો થવાની સંભાવના છે.